હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ના ભક્તિ તો અહીયા પણ થાય... હુમણાં અહી રહીએ તો સ્કિન કાળી થઇ જાય માટે.... ઊતરાખંડ બાજુ જઇશું...!!

અડાલજના યુવક સાથે ઈ બાઈકના નામે રૂ.૮૭ હજારની છેતરપિંડી

ગાંધીનગર, તા.૧૪

અડાલજ ખાતે રહેતા યુવકની સાથે ઈ બાઈક બુકીંગના નામે રૂ.૮૬,૯૯૮ હજારની છેતરપિંડી થઈ છે. ઈ બાઈકની કંપનીના મેનેજર તરીકે ઓળખ આપી યુવક પાસેથી બાઈકની કિંમત, રજીસ્ટ્રેશન, ટેક્ષ પેટે રૂ.૮૬,૯૯૮ ઠગના એસબીઆઈના એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. રૂપીયા મોકલી આપવા છતા ઈ બાઈક ન આવતા કે પૈસા પરત ન આવતા યુવકને છેતરાયાનો અહેસાસ થતા ઠગ સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રોદ્વારા મળતી વિગત મુજબ અડાલજ ત્રિ-મંદિર એટીપીએલ સી-૪ ખાતે રહેતા ૨૫ વર્ષિય અક્ષય વિનોદભાઈ જોષી અસારવા ખાતે ટ્રેક આસીસટન્ટ તરીકે ફરજ બજાવે છે. જેથી નોકરી પર આવન જાવન માટે બાઈકની જરુરીયાત હોવાથી વેબસાઈટ પર ઈ-બાઈકની રીવોલ્ટ કેરનામની કંપનીના વિવિધ મોડલના ઈ બાઈક જોયા હતા. ત્યારબાદ અક્ષયને આરવી-૪૦૦ નંબરનું બાઈક પસંદ આવ્યું હતું. જેથી યુવકે ઓનલાઈન વેબસાઈટ પર માંગ્યા મુજબની વિગત ભરી હતી. ત્યારબાદ થોડીવારમાં તેના મોબાઈલ પર ફોન આવ્યો હતો અને સામેવાળી વ્યકિતએ કંપનીના મેનેજર તરીકે ઓળખ આપી ઈ બાઈકની કિં.૧.૧૯ લાખ કહી હતી. ત્યારબાદ યુવકનુ આધારકાર્ડ, પાન કાર્ડ સહિતના જરુરી દસ્તાવેજ મંગાવ્યા હતા. જયારે રજીસ્ટ્રેશન ફી પેટે રૂ.૭,૯૯૯ ટ્રાન્સફર ભરવાની વાત કરતા યુવકે તે એસબીઆઈ બેંકના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધા હતા. જયારે ફરીવાર ફોન કરીને ટેક્ષ પેટે રૂ.૨૫ હજાર આપવા પડેશે. જેથી અક્ષયે તે રૂપીયા પણ ટ્રાન્સફર કર્યા હતા. ઈ બાઈકની ડીલીવરી પાંચ થી છ દિવસમાં કરી દેવામાં આવશે તેવો વિશ્વાસ અપાવી રૂ.૫૩,૯૯૯ પણ માંગ્યા હતા. જેથી યુવકે સંબંધીના એકાઉન્ટ માંથી રૂપીયા ટ્રાન્સફર કર્યા હતા. જયારે વધુ રૂ.૩૨ હજાર માંગવામાં આવતા યુવકને શંકા પડી હતી. જેથી ભેજાબાજ ઠગે વોટસએપથી કંપનીના સિનિયર મેનેજર અશોકકુમાર સ્વાયંમ્પુ તરીકેના પુરાવા મોકલી આપ્યા હતા. અક્ષયે મોબાઈલમાં સર્ચ કરતા કંપનીની વેબસાઈટ જોવા મળી હતી. જેના પર ફોન કરતા માલુમ પડ્યુ હતુ કે કંપની આ પ્રકારે ઓનલાઈન બુકીંગ કરતી નથી. આથી પોતાની સાથે છેતરપિંડી થયાનો અહેસસ થતા અક્ષયે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

ખૂણેખાંચરેથી

- આગામી દિવસોમાં શિક્ષકોની અરસપરસ બદલીના યોજાનારા કેમ્પનું આયોજન, તૈયારીઓ માટે આજે જિલ્લા પંચાયતની શિક્ષણ શાખા ચાલુ રહી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પ્રકોપ યથાવત્ રહેતાં રજાનો દિવસ લોકોએ ઘરમાં બેસીને ગુજાર્યો.
- શહેરમાં હવે નાઈટ વોકર્સની સંખ્યા વધી રહી છે જે મોડી સાંજ પછી ચાલવા નીકળે છે.
- માહિતીખાતાના ક્રેડિટ સોસાયટીની આજે બેઠક મળી હતી.
- જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી અને આર.સી.એચ.ઓ. રજા પર જતાં ટી.બી.ના આરોગ્ય અધિકારીને મુખ્ય આરોગ્ય અધિકારી તરીકેનો ચાર્જ આપવામાં આવ્યો છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- આજે વિશ્વ પરિવાર દિવસ છે.
- રખડતા કૂતરાઓની સમસ્યાથી નગરજનો ત્રાહિમામ પોકારી ગયા છે. સે. ૭ માં ૧૫ દિવસમાં ૬ જણાને કૂતરા કરડ્યા.
- ગાંધીનગર તાલુકા ભાજપના કાર્યકરોની ચિલોડા ખાતે ટિફિન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કેટલાક ટિકિટવાંચ્છુ નેતાઓની હાજરીને લઈ બેઠક સૌમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

ગાંધીનગર તાલુકાના કાનપુર ગામના યુવાનો ચારધામ યાત્રા જવા માટે રવાના

ફટાકડાની આતશબાજી સાથે ભવ્ય વિદાયમાં માનવમેદની ઉમટી

ચિલોડા, તા. ૧૪

ગાંધીનગર તાલુકાના કાનપુર ગામના પંચદેવ મંદિરની સ્થાપનાના ૨૫ વર્ષ પૂર્ણ થતાં પુનઃ પ્રાણ સંચાર લઘુરૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞની પૂર્ણાહુતિ બાદ ગામના યુવાનો ચારધામ યાત્રા માટે રવાના થયા હતા. આ યુવાનોની ગ્રામજનો દ્વારા ભવ્ય વિદાય આપવામાં આવી હતી. જેમાં આખું ગામ એકત્રિત થઈ ફટાકડાની આતશબાજી સાથે વિદાય આપવામાં આવી હતી. વિદાય વેળાએ ગામના લોકો ખુશીના આંસુ રોકી શક્યા ન હતાં અને વાતાવરણ હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

ગાઝીયાબાદનો માસ્ટર માઈન્ડ બે દિવસના રીમાન્ડ પર

ગાંધીનગર,તા.૧૪

ચિલોડા પોલીસ મથકે નોંધાયેલા સાયબર ક્રાઈમના ગુનાની તપાસ એલસીબી-૨ કરી રહી હતી. ત્યારે નોકરી અને લોનની લાલચ આપી નાગરીકોને પોતાની જાળમાં ફસાવતા માસ્ટર માઈન્ટને પોલીસે ગાઝીયાબાદ થી દબોચી લીધો છે. આ માસ્ટર માઈન્ટ હીરાલાલ દાસને પકડી પાડી પોલીસે તેની પાસેથી ચેકબુકો, આધારકાર્ડ, પાનકાર્ડ, એટીએમકાર્ડ, મોબાઈલ ફોન સહિત મળીને કુલ રૂ.૪૨ હજારની વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ત્યારે એલસીબી-૨ પોલીસે ભેજાબાજ ઠગને કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટ દ્વારા તેના બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. ત્યારે આ માસ્ટર માઈન્ડે કેટલા નાગરીકોને ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બનાવ્યા છે. તેની સાથે ટોળકીમાં કોણ કોણ સામેલ છે. તે ઉપરાતં કેટલી બેંકમાંથી છેતરપિંડી દ્વારા લોન લેવામાં આવી છે તે સહિતની માહિતી સામે આવી શકે છે.

માહિતી ખાતાના કર્મચારીઓની ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લિ.ની ચૂંટણી સંપન્ન

નવી કારોબારી સમિતિમાં પ્રમુખ તરીકે જયંતિભાઈ લાલજીભાઈ ચૌધરી તથા મંત્રી તરીકે દિલીપકુમાર રજનીકાંત ગજ્જરની સર્વાનુ મતે વરણી

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્ય માહિતી ખાતાના કર્મચારીઓની ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લિ.ની ચૂંટણી આજે યોજાઇ હતી. રાજ્યભરની જિલ્લા માહિતી કચેરીમાંથી સૌ સભાસદ કર્મચારી-અધિકારીઓએ આ ચૂંટણીમાં મતદાન કરી ઉત્સાહભેર ભાગ લીધો હતો. જંગી બહુમતીથી વિજયી થયેલા ૧૫ ઉમેદવારોની હાજરીમાં આજે પ્રથમ વાર્ષિક સામાન્ય સભા પણ મળી હતી, જેમાં અવસાન પામેલા પાંચ સભાસદોના માનમાં બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

નવી કારોબારી સમિતિમાં પ્રમુખ તરીકે જયંતિભાઈ લાલજીભાઈ ચૌધરી અને મંત્રી તરીકે સમાચાર શાખાના દિલીપકુમાર રજનીકાંત ગજ્જરની સર્વાનુ મતે નિમણુંક કરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય ૧૩ સભ્યોની કારોબારી સભ્ય તરીકે વરણી કરવામાં આવી છે જેમાં ગાભુજી સોમાજી ઠાકોર, પ્રહલાદ હરીભાઈ ચૌધરી, કિરીટકુમાર ખુશાલભાઈ બેન્કર, શ્રીમતી ફોરમ અમિત રાઠોડ, દિનુભાઈ લલ્લુભાઈ સોલંકી, પરબતજી ઘેમરજી ચંડીસરા, શ્રીમતી ધર્મિષ્ઠાબેન હેમંતકુમાર સોની, પરિમલ વિરાભાઈ પટેલ, દેવાંગ રમેશચંદ્ર મેવાડા, રજાક આદમભાઈ ડેલા, રેશૃંગભાઈ શંકરભાઈ ચૌહાણ, ધવલ નરેશકુમાર શાહ અને અંકુરકુમાર રમણલાલ શ્રીમાળીનો સમાવેશ થાય છે.

આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં ચૂંટણી અધિકારી તરીકે દિનેશભાઈ ચૌહાણ અને મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે ભરતભાઈ ગાંગાણી સહિત અન્ય ૫ સભ્યની ટીમે ઉમદા સેવાઓ આપી હતી.

જીઇબી કોલોની ખાતે સીઝન બોલ ક્રિકેટ કોચિંગ સમર કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરની જીઇબી કોલોની ખાતેની થર્મલ પાવર સ્ટેશનની જીએસઇસીએલ રીક્રીએશન ક્લબ દ્વારા આગામી તા.૧૭મી મે, ૨૦૨૨થી તા.૧૬મી જુન ૨૦૨૨ સુધી એક માસ માટે સીઝન બોલ ક્રિકેટ કોચિંગ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ ક્રિકેટ કોચિંગ કેમ્પનો સમય દરરોજ સવારે ૬.૩૦થી ૮.૩૦નો રાખવામાં આવ્યો છે. ઉનાળાના વેકેશન દરમ્યાન આ કોચિંગ કેમ્પનો લાભ લેવા ઇચ્છતા ૧૦કે તેથી વધુ વર્ષના બાળકોએ પ્રવેશ ફી રૂ. ૨હજાર સાથે ફોર્મ ભરીને પરત કરવાના રહેશે તેવું આયોજકો દ્વારા જણાવાયું છે. આ કેમ્પમાં શહેરના રણજી ટ્રોફી ક્રિકેટ પ્લેયર પ્રથમેશ પરમાર દ્વારા તાલીમાર્થીઓને ક્રિકેટ કોચિંગ આપવામાં આવશે. આ કોચિંગ કેમ્પમાં ભાગ લેવા માટે કે વધુ માહિતી મેળવવા માટે ડો. એમ.વી.શેટનો મો.નં. ૯૯૨૫૨ ૧૦૭૯૭, યોગેન્દ્રસિંહ વાઘેલાનો મો.નં. ૯૮૨૪૩ ૩૩૮૨૩, રાકેશભાઇ પંચોલીનો મો. નં. ૯૪૨૮૫ ૦૮૦૧૧ અથવા ગેલેક્સી સ્પોર્ટ્સ સે.૧૧નો મો.નં. ૯૨૭૪૮ ૬૦૮૮૦ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

દહેગામ ઝાંક જીઆઈડીસીમાંથી ડુપ્લીકેટ ઈનો બનાવતી ફેકટરી ઝડપાઈ

ગાંધીનગર,તા.૧૪

દહેગામ ઝાંક જીઆઈડીસીમાંથી ડુપ્લીકેટ ઈનો બનાવતી ફેકટરી ઝડપાતા હોહા મચી જવા પામી છે. ઈનો બનાવતી કંપની(ગ્લેક્ષો કંપની લીમીટેડ) તરફથી ફરીયાદ મળતા સીઆઈડી ક્રાઈમ દ્વારા ઝાંક ખાતે દરોડો પાડી ડુપ્લીકેટ ઈનો બનાવતી ફેકટરીને પકડી પાડી કોપી રાઈટ એકટ હેઠળ ગેલેકસી ગ્રુપના માલિક મિનેશ શાહ તેમજ તેના કર્મચારી સામે ગુનો નોંધી રૂ.૪૫.૭૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વિવિધ બ્રાન્ડેડ કંપનીના કોપી રાઈટ હક્કોનું કામ કરતી દિલ્હીની નેત્રીકા કન્સલ્ટીંગ એન્ડ ઈન્વેસ્ટીગેશન કંપનીના અમદાવાદ ખાતે રહેતા ફિલ્ડ ઓફિસર ચિરાગ પંચાલ પાસે ગ્લેક્ષો ગ્રુપ લિમિટેડની જીએસકે ઈનો ના કોપીરાઈટ હક્કોની ઓથોરીટી છે. જેને પગલે તેમણે કરેલી કોપીરાઈટ એકટ ભંગની ફરીયાદના આધારે દહેગામની ઝાંક જીઆઈડીસીમાં આવેલી સુપ્રિમ-૧, પ્લોટ નં.૨૭ માં ધમધમતી ઉકત કંપનીના નામે ડુપ્લીકેટ ઈનો બનાવતી ફેકટરી સીઆઈડી ક્રાઈમ દ્વારા ઝડપી પાડી છે. સીઆઈડી ટીમના અધિકારીઓ સાથે ચિરાગ પંચાલ અને કંપનીના માણસો પણ હાજર રહ્યા હતા. આ રેડ દરમિયાન ફેકટરી પર પ્રેમનારાયણ ઉર્ફે રાજુ દિલ બહાદુર શ્રેષ્ઠ (રહે. મહેન્દ્ર મીલ સ્ટાફ કવાર્ટસ કલોલ) મળી આવ્યો હતો. આ વ્યકિતની પુછપરછ કરતા ફેકટરીનો માલિક અમદાવાદના મિનેશ શાહ હોવાનું સામે આવ્યું હતું. મિનેશ શાહને ફેકટરી પર બોલાવવા માટે કોલ કરવામાં આવતા તેઓએ ફોન ઉપાડ્યો ન હતો. જયારે આ ફેકટરી આહુજા ગુરુબક્ષ પાસેથી ભાડે થી લેવામાં આવી હોવાની હકીકત પણ બહાર આવ્યું છે. સીઆઈડી ક્રાઈમ સહિતના ઉકત કંપનીના ઓથોરાઈઝ વ્યકિતઓની હાજરીમાં ફેકટરીની તમામ મશીનરી, ઈનોના પાઉચનો ડુપ્લીકેટ જથ્થો કબ્જે કરવામાં આવ્યો હતો. જયારે ગોડાઉનમાંથી પણ ડુપ્લીકેટ ઈનોના પાઉચનો મોટો જથ્થો મળી આવ્યો હતો. ચિરાગ પંચાલની ફરીયાદને પગલે કોપીરાઈટ એકટ હેઠળ ગુનો નોંધી રૂ.૪૫.૭૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

ચિલોડા મોટા ખાતે શક્તિ કેન્દ્રમાં સાપ્તાહિક ટિફિન બેઠક યોજાઈ

ચિલોડા, તા. ૧૪

સૌનો સાથ સૌનો વિકાસના સુત્રને સાર્થક કરવા સરકારશ્રી દ્વારા જનકલ્યાણકારી યોજનાઓ થકી જન જન સુધી સંદેશો પહોંચાડવા ઉત્સુક બની છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના મુખ્ય જંકશન મથક સૌનું આકર્ષણ કેન્દ્ર સમા ચિલોડા મોટા ખાતે સુપ્રસિદ્ધ શ્રદ્ધા અને આસ્થાના પ્રતિક સમા ચહેરમાતાજીના સાનિધ્યમાં ભારતીય જનતા પાર્ટીના સક્રિય કાર્યકરો, હોદ્દેદારો દ્વારા શક્તિ કેન્દ્રમાં યોજાયેલ સામાહિક ટિફિન બેઠકમાં સહ

પ્રવક્તા હિતેન્દ્રભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી રમણભાઈ દેસાઈ, અગ્રણી એસ.પી. ઠાકોરની રાહબરી હેઠળ બેઠકમાં ભાજપના કાર્યકર ભાઈ-બહેનો ઉપસ્થિત રહી વફાદારપૂર્વક પક્ષીય કામગીરીમાં વધુ ને વધુ સક્રિયતા દાખવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

શહેરના એસ.ટી.ડેપોમાં બસમાં બેસવા જતા શ્રમિકના રૂ.૪૦ હજાર ચોરાયા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના એસટી ડેપોમાં ખિસ્સા કાતરુ ગેંગ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યુ છે.છેલ્લા કેટલાક દિવસોથી ગાંધીનગરના એસટી ડેપોમાં બસમાં બેસવા જતા મુસાફરોના ખીસ્સા હળવા થયા છે. તો બીજીતરફ મોબાઈલ અને અન્ય કિંમતી ચીજવસ્તુઓની પણ ચોરી થઈ હોવાની વ્યાપક ફરીયાદો ઉઠી રહી છે. ત્યારે આજે બપોરના સમયે ઝાલોદની બસમાં બેસવા જતા શ્રમિક મુસાફરનું પાકીટ ચોરી થયું છે. જેમાં શ્રમિક ઘરે જતો હોવાથી રૂ.૪૦ હજાર રૂપીયા રોકડા હોવાનું જણાવ્યું હતું.

છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગર એસટી ડેપોમાં પોલીસ ચોકી ઉભી કરવાની વાત વિસરાઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે. પોલીસે ચોકી તો નહી પરંતુ પોલીસ જવાન પણ ડેપોમાં ન હોવાથી પાકીટ ચોરોને મોકળુ મેદાન મળી ગયું છે. જેથી ચોર ટોળકીએ શહેરના એસટી ડેપોમાં ઘણા સમયથી તરખાટ મચાવ્યો છે. રોજ એક-બે મુસાફરોના ખિસ્સા હળવા થાય છે. વેકેશનનો માહોલ હોવાથી એસટી ડેપોમાં રોજના હજજારો મુસાફરો હોય છે. જેથી બસમાં બેસવા જતા સમયે ચોર ટોળકી મુસાફરોનો કિંમતી સામાન, પાકિટ, મોબાઈલ ચોરી સહિતની ચોરી આંખના પલકારામાં કરતા હોય છે. જયારે મુસાફરોના ગળામાંથી સોનાના દોરા તુટ્યાની પણ ફરીયાદો ઉઠી છે. શહેરનું એસટી ડેપો ગઠીયાઓ માટે હોટ સ્પોટ બની ગયું છે. ડેપોમાંથી દરરોજના બેથી ત્રણ પાકીટ ચોરી થવાની ઘટના બને છે. ત્યારે આજે બપોરના સમયે ઝાલોદ ઘરે જઈ રહેલા શ્રમિકનું પાકીટ ચોરાયુ હતું. બસમાં બેસવા જતા સમયે જ પાકીટ ગાયબ કરી લીધુ હતું. શ્રમિકના કહેવા પ્રમાણે તેના પાકિટમાં રૂ.૪૦ હજાર રોકડા હતા. જયારે પોલીસ બંદોબસ્ત મુકવામાં આવતો નથી અને ડેપો દ્વારા પણ મુસાફરોની સલામતી માટે કોઈ પગલા ભરતુ નથી. જેથી ડેપો-પોલીસ તંત્ર વચ્ચે મુસાફરોના ખીસ્સા હળવા થઈ રહ્યા છે.

કેપિટલ નર્સિંગ કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ ઉજવાયો

ચિલોડા, તા. ૧૪

નર્સિંગના સ્થાપક ફ્લોરેન્સ નાઈટિંગલની જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે ચિલોડા ઓમ એજ્યુકેશન સંચાલિત કેપિટલ નર્સિંગ કોલેજમાં ટ્રસ્ટી ગિરીશભાઈ રાવલના અધ્યક્ષસ્થાને ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પી.એલ.વી. નટુભાઈ પટેલ પત્રકાર, ટ્રસ્ટી ડૉ. અશોકભાઈ રાવલ, મુખ્ય મહેમાન પદે આચાર્ય મેઘરજીયા સર, હનુમંત નર્સિંગ કોલેજ, મહુવા, કેમ્પસ ડાયરેક્ટર સાયદા મેડમ, જી.એસ.ઈ.બી. આચાર્ય સુનિલભાઈ રાવલ, સી.બી.એસ.ઈ. આચાર્ય અર્પિતા મેડમ તથા કેપિટલ નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ માર્શનીલ ક્રિશ્ચિયન વગેરે ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રેરણાદાયી ઉદ્બોધન કર્યું હતું.સમગ્ર દુનિયાના દર વર્ષે ૧૨ મે ના રોજ આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ ઉજવાય છે. એક દર્દીને નવું જીવન આપવામાં જેટલું યોગદાન એક ડોક્ટરનું હોય છે એટલું જ એક નર્સનું હોય છે. એક નર્સ દર્દીની સેવા તન-મનથી કરતી હોય છે. નર્સ પોતાની પરવા કર્યા વગર એક દર્દીનો જીવ બચાવે છે. નર્સના એ અમુલ્ય યોગદાનને સમર્પિત કરવામાં આવ્યો છે.

આ સાથે જ કેપિટલ નર્સિંગ કોલેજ દ્વારા નર્સિંગની સ્થાપક ફ્લોરેન્સ નાઈટિંગલને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. તેમજ નર્સિંગ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રંગોળી સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યું હતું. મહાનુભાવોએ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

ભાજીપાંઉની દુકાનમાં વેપારીનો રૂપિયા ૨૦ હજારનો તોડ કરાયો

અમદાવાદ, તા.૧૪

પોલીસના નામે કે ક્રાઈમ બ્રાન્ચના નામે તોડ કરતા હોવાની અનેક ઘટના અવાર નવાર સામે આવી છે. ત્યારે ફરી એક વખત ક્રાઈમ બ્રાન્ચના નામે વેપારીનું અપહરણ કરી ૩ લાખની માંગ કરી ૨૦ હજાર પડાવી લેતા ફરિયાદ નોંધાઈ છે. નરોડા પોલીસે ગુનો નોંધી ૫ આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ કસ્ટડીમાં રહેલા ૫ આરોપીએ ક્રાઈમ બ્રાંચના પોલીસ તરીકે પોતાની ઓળખ આપી ભાજીપાઉની દુકાને તોડ કરવામાં ઈરાદે જઈ વેપારીનુ અપહરણ કરી ૨૦ હજાર રૂપિયાનો તોડ કર્યો હતો. આ આરોપીઓના નામ છે રાજન પટેલ, પ્રદિપ પાટીલ, નરેન્દ્રસિંહ જાડેજા, મહિપાલસિંહ જોધા અને અમિત પટેલ છે.

એલએન્ડટી ટેકનોલોજી સર્વિસીસ પીડીઈયુ અને આઈઆઈટી ગાંધીનગર સાથે જોડાણ કરશે

ગાંધીનગર, તા. ૧૪

અગ્રણી એન્જિનીયરિંગ સર્વિસ પ્રોવાઈડર એલએન્ડટી ટેકનોલોજી સર્વિસીસ (એલટી ટીએસ)એ સસ્ટેઈનેબિલિટી સોલ્યુશન્સના સહવિકાસ માટે પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (પીડીઈયુ) સાથે જોડાણની જાહેરાત કરી હતી. પીડીઈયુ સાથે જોડાણમાં સેન્ટર ઓફ એક્સલન્સ (સીઓઈ) વિકસાવવામાં આવશે, જે સ્વચ્છ અને સસ્ટેઈનેબલ એનર્જી (પર્યાવરણને અનુકૂળ ઊર્જા)ની વ્યવસ્થાને મજબૂત કરવા ઈનોવેશનને પ્રાથમિકતા આપવા ભાર ધ્યાન કેન્દ્રિત કરશે. ઉપરાંત આ સેન્ટર હાઈડ્રોજનના ઉત્પાદન, કાર્બનના ઉત્સર્જનને ઘટાડવા, ઊર્જાના સંગ્રહ અને પમ્પ્ડ સ્ટોરેજમાં સંશોધન અને વિકાસ (આરએન્ડડી) કરશે. પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટીના ડિરેક્ટર જનરલ પ્રોફેસર એસ એસ મનોહરને કહ્યું હતું કે "ટૂંકા ગાળાના પર્યાવરણલક્ષી સમાધાનો ઊર્જાની વર્તમાન જરૂરિયાતો પૂર્ણ કરશે, જેની સાથે પર્યાવરણને અનુકૂળ ઊર્જા તરફ અગ્રેસર થવા લાંબા ગાળાના લક્ષ્યાંકો પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. આ સંબંધમાં ઉદ્યોગ-શિક્ષણજગત વચ્ચે જોડાણ

ટેકનોલોજી અને નવીનતા દ્વારા પર્યાવરણને અનુકૂળ ભવિષ્ય તરફ અગ્રેસર થવાનો માર્ગ મોકળો કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવશે. ઈઆરએન્ડડી સેવાઓમાં એલટીટીએસ જેવી અગ્રણી કંપની સાથે આ જોડાણ જીવનની પર્યાવરણને અનુકૂળ રીતની સ્વીકાર્યતાને વેગ આપવામાં મોટું પગલું છે, જે પર્યાવરણને અનુકૂળ અને ઊર્જાદક્ષ દુનિયા ઊભી કરવા તરફ દોરી જશે."

પીડીઈયુ સાથે જોડાણ પર એલએન્ડટી ટેકનોલોજી સર્વિસીસના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર અમિત ચઢાએ કહ્યું હતું કે, "શૈક્ષણિક સંસ્થાઓ અને કંપનીઓ ઊર્જાના ચાવીરૂપ સમાધાનો પ્રદાન કરવા ભારતમાં સ્વચ્છ ઊર્જાની ટેકનોલોજીમાં નવીનતા તરફ આગેકૂચ કરવા ખભેખભો મિલાવીને કામ કરશે. એલટીટીએસમાં અમે પર્યાવરણને અનુકૂળ આરએન્ડડી કામગીરીને પ્રોત્સાહન આપવા તથા વધારે સ્માર્ટ ઉત્પાદનો અને સમાધાનો વિકસાવવા ઈનોવેટર્સને સક્ષમ બનાવવા કટિબદ્ધ છીએ, જે સ્વચ્છ, પર્યાવરણને અનુકૂળ અને સમૃદ્ધ દેશ માટેનો માર્ગ મોકળો કરશે. આ સંબંધમાં અમે આ સેગમેન્ટમાં ટોચની યુનિવર્સિટીઓ પૈકીની એક પીડીઈયુ જેવા પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા સાથે જોડાણને આવકારીએ છીએ."